# બોર્ડ પરીક્ષા : આકરૂન્દ હાઈસ્કુલનું ૧૦૦ ટકા પરિણામ, વિદ્યાર્થીનીઓએ મેદાન માર્યું

## આસ્થા પટેલ ૯૯.૨૭ પર્સન્ટાઈલ રેન્ક સાથે પ્રથમ નંબરે





**આકરૂન્દ હાઈસ્કુલના ટોપ ટેન તેજસ્વી તારલા..**

| નામ | પર્સન્ટાઈલ રેન્ક |
|---|---|
| આસ્થા બી. પટેલ | ૯૯.૨૭ |
| જીલ એસ. પ્રજાપતિ | ૯૯.૦૨ |
| મૈત્રી એ. પટેલ | ૯૭.૫૯ |
| ભાર્ગવી ડી. ગોસ્વામી | ૯૬.૯૨ |
| કીટ્ટુ ડી. લોધ | ૯૬.૬૬ |
| જતિન એસ. ગોસ્વામી | ૯૬.૨૭ |
| નિરાલી એસ. પટેલ | ૯૫.૮૬ |
| પાર્થ એસ. દેસાઈ | ૯૫.૫૩ |
| અંજલી જે. પરમાર | ૯૩.૨૬ |
| મન એન. પરમાર | ૯૨.૮૭ |

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગર દ્વારા ધો.૧૦ બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. કોરોનાના કારણે રેગ્યુલર તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે. ધો.૯ અને ૧૦ની પરીક્ષાના આધારે પરિણામ તૈયાર કરાયું. ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે જેમાં શાળાની આસ્થા બી. પટેલ ૯૯.૨૭ પર્સન્ટાઈલ રેન્ક સાથે પ્રથમ, જીલ એસ. પ્રજાપતિ ૯૯.૦૨ પર્સન્ટાઈલ રેન્ક સાથે બીજા અને મૈત્રી એ. પટેલ ૯૭.૫૯ પર્સન્ટાઈલ રેન્ક સાથે ત્રીજા સ્થાને આવી શાળાને ગૌરવ અપાવ્યું હતું. શાળામાં ટોપ ટેનમાં ૭ વિદ્યાર્થીનીઓએ આવી મેદાન માર્યું છે.

નિયમિત અભ્યાસ કરનારા તમામ વિદ્યાર્થીઓને બોર્ડે ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષામાં માસ પ્રમોશનનો નિર્ણય લઈ સ્થાનિક શાળા કક્ષાએથી ધો.૯ અને ૧૦ ની એકમ કસોટીના ગુણ બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરવા જણાવ્યું હતું. તમામ કામગીરી પૂર્ણ થયા પછી ગમે ત્યારે ધો.૧૦ બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થવાની વકી હતી. ગત રોજ બોર્ડે પરિણામ જાહેર કર્યું. શાળાઓને તેમના ઈન્ડેક્ષ નંબરના આધારે પરિણામ જોઈ શકે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવી હતી. અરવલ્લી સહિત ધનસુરા તાલુકાની તમામ શાળાઓના નિયમિત વિદ્યાર્થીઓનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. આકરૂન્દ હાઈસ્કુલમાં ટોપ ટેનમાં સ્થાન મેળવનારા તમામ વિદ્યાર્થીઓને આકરૂન્દ કેળવણી મંડળના પ્રમુખ પ્રવિણ એમ. પટેલ, ઉપપ્રમુખ નરસિંહદાસ પટેલ, મંત્રી હસમુખભાઈ એન. પટેલ, સહમંત્રી દિનેશભાઈ એચ. પટેલ, કોષાધ્યક્ષ બિપીનભાઈ પી. પટેલ, આંતરીક ઓડીટર મનુભાઈ બ્રહ્મભટ્ટ, શાળાના આચાર્ય જે.ડી.ભાટી, શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ એ. કટારા, પ્રા.વિભાગના આચાર્ય ગીતાબેન બી. પટેલ, શિક્ષણ કો.ઓર્ડીનેટર તુષારભાઈ ડી. પટેલ તેમજ શાળા સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા. આકરૂન્દ હાઈસ્કુલમાં ધો.૧૧ માં તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે તેમ જણાવાયું છે.

## સંક્ષિપ્ત સમાચારો

### મોડાસા એસ.ટી. ડેપોના ૨ કર્મચારીનો મહામંડળમાં સમાવેશ




બાયડ : ગુજરાત એસ.ટી. કર્મચારી મહામંડળમાં મોડાસા એસ.ટી. ડેપોના પ્રતિનિધિ તરીકે મીર સાબમીયાં ચૌહાણ(મોડાસા) અને નરેન્દ્રભાઈ પ્રણામી(દાવલી)ની કારોબારી સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવતાં એસ.ટી. વિભાગના કર્મચારીઓ અને કામદારોમાં આનંદની લાગણી છવાઈ છે. એસ.ટી.ના કામદારોના પ્રશ્નો અને હીતને રાજ્ય કક્ષાના મહામંડળમાં વધુ ન્યાય મળશે તેવી આશા સાથે બંન્નેને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

### દેમતીમેરા પ્રા.શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



બાયડ : પોશીના તાલુકાની દેમતીમેરા પ્રા.શાળાના પ્રાકૃતિક સૌંદર્યમાં વધારો થાય અને સરકારી શાળાને હરિયાળી શાળા બનાવવાના ધ્યેય સાથે શાળાના આચાર્ય મનિષભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના તમામ સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરી શાળાને હરિયાળી બનાવવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### ધી ભિલોડા તાલુકા વિભાગીય સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ની વ્યવસ્થાપક કમિટી સર્વાનુમતે બિન હરીફ ચુંટાઈ

ભિલોડા,તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કાર્યરત ધી ભિલોડા તાલુકા વિભાગીય સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ની વ્યવસ્થાપક કમિટી સર્વાનુમતે બિન હરીફ ચુંટાઈ આવતા ખેડુતોમાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે.રાજકીય અને સહકારી આગેવાનોએ નવિન કારોબારીના વ્યવસ્થાપક કમિટીના સભ્યોને બિરદાવ્યા હતા.

## સાબરકાંઠા, અરવલ્લીમાં પવનના સૂસવાટા સાથે વરસાદની આગાહી

### ખેડૂતો ભારે વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

ચોમાસુ બેઠું છે અને વરસાદ ખેંચાયો છે તેવી આગાહીથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ખેડૂતો ચિંતિત છે પરંતુ અરબી સમુદ્રમાં જે સીસ્ટમ જોવા મળે છે તે જોતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા સહિત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં પવનના સૂસવાટા સાથે હળવો અને મધ્યમ વરસાદ વરસી શકે તેવી આગાહી છે. ખેડૂતો ભારે વરસાદની ચાતક નજરે રાહ જોઈને બેઠા છે. અગાઉ વાવણી લાયક વરસાદ પછી ખેડૂતોએ અધીરા બની વાવણી તો કરી નાખી પરંતુ વરસાદ ખેંચાતાં બિયારણ નિષ્ફળ જવાનો ભય ઉભો થયો છે.

વિદાય લેતા મહિનામાં બે વખત હવામાન વિભાગની આગાહી ખોટી ઠરી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હમણાં વરસાદ વરસે તેવા સંકેત નથી તેવું હવામાન વિભાગે જણાવ્યું અને રવિવારે અરવલ્લી જિલ્લાના બાયડ, ધનસુરા સહિત ૪ તાલુકામાં સૂપડાધારે વરસાદ વરસ્યો અને મૂરઝાતી ખેતીને જીવતદાન મળ્યું. ત્યારબાદ છેલ્લા ૨ દિવસથી અસહ્ય બફારો અનુભવાય છે. બુધવાર સવારથી બફારા અને ગરમીથી જિલ્લાની પ્રજા ત્રાસદાયક સ્થિતિનો અનુભવ કરી રહી છે. ત્યારે આગામી ૩ દિવસ દરમ્યાન બંન્ને જિલ્લામાં ૩૫ થી ૫૦ કી.મી.ની ઝડપે પવનની સાથે હળવો-મધ્યમ વરસાદ વરસે તેવી આગાહી થઈ છે.

## વાવ પોલીસે પીછો કરી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી

ડીસા, તા. ૩૦

વાવ પોલીસે પેટ્રોલિંગ દરમ્યાન વિદેશી દારૂ ભરેલી કાર સાથે ઈસમને ઝડપી પાડ્યો છે. પ્રાથમિક તપાસમાં ઈસમ પોતાના ગામમાં દારૂનુ છુટક વેચાણ કરવા રાજસ્થાનથી દારૂ ભરીને આવી રહ્યો હોવાનું ખુલ્યુ છે. વાવ પોલીસે બાતમી આધારે વોચ ગોઠવી ઈસમની કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ઈસમે પોલીસને જોઈ કાર ભગાડ્યાં બાદ પોલીસે થોડે દૂર જઈ ઈસમને કાર સાથે ઝડપી લીધો હતો.

બનાસકાંઠા એસપી તરૂણ દુગ્ગલે જીલ્લામાં પ્રોહિબિશન લગત કડક કાર્યવાહી કરવા સુચના આપેલ છે. જે અનુસંધાને વાવ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હોઈ પીએસઆઈ આઈ. એચ. હીંગોરાને મળેલ બાતમી આધારે ચુવા ત્રણ રસ્તા પાસે નાકાબંધી કરવામાં આવી હતી. જ્યાં બાતમીવાળી કાર આવતાં તેને રોકવાનો ઈશારો કરતાં ચાલકે કારને ચુવા ગામ તરફ ભગાડી મુકી હતી. જેથી પોલીસે પણ તેનો પીછો કરતાં ચાલક થોડે દૂર કાર મુકી ભાગવા જતાં પોલીસે ઝડપી પાડ્યો છે. જ્યાં તેને કાર પાસે લાવી તલાશી લેતાં અંદરથી વિદેશી દારૂ મળી આવ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, બનાસકાંઠા જીલ્લામાં કોરોનાકાળ વચ્ચે પણ વિદેશી દારૂની હેરાફેરી યથાવત હોવાની સ્થિતિ બની છે. ગઈકાલે બપોરના સમયે વાવ પોલીસે હિરેન હિરાભાઈ રાજપૂતને વિદેશી દારૂની બોટલો નંગ-૮૬૭ (કિં.રૂ.૮૬,૪૦૦) સાથે ઝડપી પાડ્યો છે. આ સાથે કારની કિ.રૂ.૪ લાખ મળી કુલ રૂ.૪,૮૬,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ તરફ વિદેશી દારૂ સાંચોરના બળવંતસિંહ રાજપૂતે ભરાવી આપ્યો હોઈ કુલ બે ઈસમ વિરૂધ્ધ ફરીયાદ નોંધી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## ભાણમેર ગ્રામ પંચાયતના તલાટીનો રૂ.૫૦૦ની લાંચ લેતો વિડીયો વાયરલ

### જન્મના દાખલા માટે અરજદારને અન્યના ઘરે બોલાવી લાંચ લીધાનો આરોપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

ભિલોડા તાલુકાની ભાણમેર ગ્રામ પંચાયતના તલાટીએ જન્મનો દાખલો કાઢી આપવા માટે અરજદારને અન્યના ઘરે બોલાવી રૂ.૫૦૦ની લાંચ લેતા હોય તેવો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં ખળભળાટ મચ્યો છે. જાગૃત યુવાન દ્વારા કથિત લાંચનો વિડીયો ભિલોડા તાલુકા વિકાસ અધિકારીને મોકલવામાં આવ્યા પછી ધડાધડ વાયરલ થતાં ભ્રષ્ટ કર્મચારીઓને સાપ સૂંઘી ગયા જેવી સ્થિતિ પેદા થઈ છે.

ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની ગયો છે. તાલુકા-જિલ્લાની કચેરીઓમાં અનહદ ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે તેમાંય અરજદારો પાસે લાંચ સ્વીકારતાં સરકારી બાબુઓ જરાય અચખાતા નથી. ગ્રામ પંચાયતોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, જન્મ-મરણના દાખલા ઉપરાંત અન્ય સરકારી લાભ લેવા માટે પંચાયતના તલાટીઓને નૈવેદ્ય ધર્યા વગર કામ થતાં ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે ત્યારે ભિલોડા તાલુકાના ભાણમેર ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટીએ જન્મનો દાખલો કઢાવવા માટે આવેલા અરજદાર પાસે રૂપિયાની માગણી કરી હતી જેથી અરજદાર દ્વારા નક્કી કરેલ રૂ.૫૦૦ આપવાનું કહેવામાં આવ્યું હતું જેથી લાંચીયા તલાટીએ અરજદારને ભાણમેર ગામના અન્ય વ્યક્તિના ઘરે બોલાવી લાંચ સ્વીકારી હતી પરંતુ આ સમયે એક જાગૃત નાગરિકે તલાટી લાંચ સ્વીકારતા હોય તેવો વિડીયો મોબાઈલમાં શૂટ કરી લીધો હતો અને તાલુકા વિકાસ અધિકારીને મોકલી સોશ્યલ મીડીયાના ગૃપમાં ફરતો કરવામાં આવતાં આ મુદ્દો તાલુકાના તલાટીઓમાં ચર્ચાનો વિષય બન્યો છે. વિડીયો વાયરલ થયા પછી લાંચ લીધાના જે આક્ષેપ થઈ રહ્યા છે તેમાં કેટલું સત્ય છે..?? કોઈએ તલાટી સામે અંગત હિસાબ પૂરો કરવા માટે તો છટકું ગોઠવીને વિડીયો વાયરલ તો નથી કર્યો ને..?? વગેરે સવાલો ચર્ચામાં આવ્યા છે.

**વાયરલ વિડીયોની તપાસ થશે : ટી.ડી.ઓ.**

બાયડ : ભિલોડા તાલુકાની ભાણમેર ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી જન્મનો દાખલો આપવા મુદ્દે અન્ય વ્યક્તિના ઘરે અરજદારને બોલાવી રૂ.૫૦૦ની લાંચ સ્વીકારતા હોય તેવો વિડીયો વાયરલ કરવામાં આવતાં હલચલ મચી છે. ભિલોડા ટી.ડી.ઓ. ડી.બી.ચાવડાનો સંપર્ક કરતાં વાયરલ વિડીયો બાબતે જાણવા મળ્યું છે. આ અંગેની તપાસ કરવાની મેં સૂચના આપી હોવાનું જણાવ્યું હતું જો કે આશ્ચર્ય એ છે કે ફરિયાદમાં તલાટી સામે ગંભીર આક્ષેપ છતાં તાલુકા વિકાસ અધિકારીને તલાટીનું પુરૂ નામ શુદ્ધાં ખબર ન હોવાથી વાયરલ વિડીયોની તપાસ સામે અનેક સવાલ ઉભા થયા છે.

## ટીંટીસર-સજાપુર પંથકમાં ટ્રેક્ટરથી ખેડના ભાવમાં વધારો, ખેડૂતો ઉપર બોજ

### ડીઝલના ભાવ વધતાં ખેતી મોંઘી

ટીંટીસર, તા.૩૦

ઈંધણના ભાવમાં સતત થતા વધારાની અસર કૃષિક્ષેત્ર ઉપર થઈ છે. ડીઝલના ભાવ વધતાં ખેતીમાં પણ આર્થિક બોજ વધ્યો છે ત્યારે મોડાસા તાલુકાના ટીંટીસર-સજાપુર પંથકમાં ખરીફ સીઝન ટાણે ટ્રેક્ટરથી ખેડાણના પ્રતિકલાક ભાવમાં રૂ.૪૦૦નો અસહ્ય વધારો થતાં ખેડૂતો ઉપર ભારણ વધ્યું છે. અગાઉ પ્રતિકલાકે વિઘા દીઠ ટ્રેક્ટરથી ખેડાણ કરવું હોય તો રૂ.૬૦૦નો ભાવ બોલાતો હતો પરંતુ ડીઝલના ભાવ વધારા પછી પ્રતિકલાકે ખેડાણનો ભાવ રૂ.૧૦૦૦ સુધી પહોંચતાં ખેડૂતો પરેશાન બન્યા છે.

જાણવા મળ્યા મુજબ ખેતીની દરેક સીઝનમાં નાના ખેડૂતો પાસે પોતાના કૃષિલક્ષી સાધન ન હોવાના કારણે ભાડાથી સાધનો રાખી તેમાં પ્રતિકલાકે ટ્રેક્ટરથી ખેડાણ કરવાનો ભાવ ચૂકવવામાં આવતો હોય છે પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી ડીઝલના અસહ્ય ભાવ વધારા પછી ખેતરમાં ટ્રેક્ટર દીઠ ખેડાણ કરવું મોંઘુ બન્યું છે. તાલુકાના ટીંટીસર-સજાપુર પંથકના નાના ખેડૂતોને સરકારની સિંચાઈ યોજનાઓનો લાભ મળ્યો ન હોવાના કારણે અસંખ્ય ખેડૂતો ચોમાસુ ખેતી ઉપર નિર્ભર રહેતા હોય છે. આ વખતે ખેડૂતોએ ચોમાસુ સીઝનની ખેતીમાં સારા ઉત્પાદનની આશા સાથે ખેતીનો આરંભ કર્યો તો ખરો પરંતુ ખેતીમાં પ્રતિકલાકે ટ્રેક્ટરના ભાવમાં અસહ્ય વધારો થયો છે જેથી આ વિસ્તારના નાના ખેડૂતો ઉપર વધારાનો આર્થિક બોજો વધી ગયો છે.

## જન્મદિને વધામણી



વ્રજ ઉમેશકુમાર પ્રજાપતિ
બાયડ, જિ.અરવલ્લી



વનિતાબેન ડૉ.બિપીનભાઈ શાહ
(વલ્લભનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



જ્યંતિભાઈ એસ. પટેલ
(ચેરમેન : ધી કઠવાડા દૂધ મંડળી)
કઠવાડા, તા.તલોદ



જકસીભાઈ દેસાઈ
(નાનીબા હાઈસ્કુલ-બાયડ)
અલાણા, તા.બાયડ



ભવાનભાઈ વી. સોલંકી
(નગરપાલિકા-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી



રાકેશભાઈ પટેલ
આંબલિયારા, તા.બાયડ

**ઘરમાં રહો, સુરક્ષિત રહો**

## શામળાજીમાં યોગ ટ્રેનીંગ પુર્ણ : સરકાર દ્વારા યોગ ટ્રેનીંગમાં પાસ થયેલા વ્યક્તિઓને સર્ટીફીકેટ અપાયા




ભિલોડા, તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં એક મહિનાની યોગ ટ્રેનીંગ પુર્ણ થયા બાદ રાજ્ય સરકાર ધ્વારા યોગ ટ્રેનીંગમાં પાસ થયેલા વ્યક્તિઓને સર્ટીફીકેટ અપાયા હતા.ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તરફથી શામળાજી શ્રી ગાયત્રી મંદિરના હોલમાં છેલ્લા એક મહિનાથી બદાજી નાનજીભાઈ નિનામા દ્વારા યોગની ટ્રેનીંગ આપેલ હતી.યોગ ટ્રેનીંગમાં ૨૧ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.૧૫ યોગ ટ્રેનરો ઓન લાઈન પરીક્ષામાં પાસ થયેલ હોય તેઓને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તરફથી સર્ટીફીકેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.શામળાજી ગ્રામ પંચાયત સરપંચ ગીતાબેન લાલજીભાઈ કટારા,સામાજીક કાર્યકર લાલજીભાઈ કટારાના વરદ્ હસ્તે સર્ટીફીકેટ અર્પણ કર્યા હતા.બસ હવે તો યોગમય બને ગુજરાત અને ઘરે - ઘરે પહોંચે યોગ.ભિલોડા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારો પણ યોગમય બને તેમ ચેરમેન શીશપાલજીની નેમ છે.વહેલી સવારે યોગ-પ્રાણાયમ નિયમીત કરો,તંદુરસ્ત રહો,નિરોગી રહો તેમ જણાવ્યું હતુ.

## વિદ્યાસહાયકની ભરતી કરવામાં આવે તેવી ધનસુરા તાલુકાના ટેટ પાસ ઉમેદવારોની માગણી

### ઘણા ઉમેદવારોની વય મર્યાદા પણ પૂરી થઈ રહી છે : હવે ૨૦૧૫માં આપેલ પરીક્ષાના પ્રમાણપત્રની સમય મર્યાદા પૂર્ણ થયેલ છે

ધનસુરા, તા. ૩૦

પ્રાથમિક શાળામાં શિક્ષક બનવા માટે લેવાતી ટીચર એલિજિબિલીટી ટેસ્ટ (TET) ની માર્કશીટ હવે સાત વર્ષ ને બદલે આજીવન માન્ય ગણવામાં આવશે તેવી ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૩ જૂનના રોજ જાહેરાત કરાઈ હતી. હાલમાં વિદ્યાસહાયકની ભરતી અટ્ટવાયેલી પડી હોવાનું TET 1 પાસ સંજય જોશી અને ધનસુરાના ટેટ પાસ ઉમેદવાર આશિષ શાહ દ્વારા જણાવવામાં આવેલ છે. તો વહેલામાં વહેલી તકે ઉમેદવારોના હિતને ધ્યાનમાં રાખીને આ બાબતે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લઈને વિદ્યાસહાયકની ભરતી કરવામાં આવે તેવી રાજ્યના તમામ TET પાસ ઉમેદવારોની માંગણી છે. ૨૦૨૦માં કોરોના મહામારી ને કારણે ભરતી કરવી શક્ય ન હતી ત્યારે હવે ૨૦૧૫ માં આપેલ પરીક્ષાના પ્રમાણપત્રની સમય મર્યાદા પૂર્ણ થયેલ છે ત્યારે ટેટ પાસ ઉમેદવારો દ્વારા ટેટની માર્કશીટ પ્રમાણપત્રની વયમર્યાદા વધારવા સરકારશ્રીને નમ્ર અપીલ કરેલ છે.ઘણા ઉમેદવારોની વય મર્યાદા પણ પૂરી થઈ રહી છે TET ની માર્કશીટ હવે સાત વર્ષ ને બદલે આજીવન માન્ય ગણવામાં આવશે તેવી ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૩ જૂનના રોજ જાહેરાત કરાઈ હતી એ બાબતે પણ જલદી નિર્ણય લેવામાં આવે તેવી માગણી છે. સરકાર દ્વારા વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવે તેવી ધનસુરા તાલુકાના ટેટ પાસ ઉમેદવારો ની માગણી છે

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા સદસ્યતા અભિયાનની શરૂઆત



હિંમતનગર,તા. ૩૦

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ,સાબરકાંઠા દ્વારા સદસ્યતા અભિયાનને વેગવંતુ બનાવવા હિંમત હાઈસ્કુલ, હિંમતનગર માં પાવતી બુક વિતરણ કરવામાં આવ્યું. તેમાં હિંમતનગર તાલુકા માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ શ્રી એસ. જે.પટેલ , સાબરકાંઠા જિલ્લા ઉચ્ચતર માધ્યમિક સંવર્ગ મહામંત્રી શ્રી પી.જે. મહેતા, સાબરકાંઠા જિલ્લા કોષાધ્યક્ષ શ્રી બી.જી.આચાર્ય તથા પ્રાંત અધ્યક્ષ શ્રી મિતેષભાઈ ભટ્ટ દ્વારા પાવતી બુક સોંપવામાં આવી. આ વર્ષે સો ટકા સદસ્યતા ને અભિયાનનો નારો બનાવવાની નેમ વ્યક્ત કરવામાં આવી.